# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-02-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## મુ.મંત્રી ભૂપેન્દ્ર પટેલ કુંભ મેળામાં સ્નાન

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પ્રયાગરાજના કુંભ મેળામાં ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન સાથે જળ અર્ઘ્ય અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પ્રયાગરાજમાં સૌ પ્રથમ બડે હનુમાનજી મંદિરમાં પુજન, દર્શન અને આરતી કર્યા હતા અને સૌના સુખ સમૃદ્ધિ તથા પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી. મેળામાં વિશાળ સંખ્યામાં જતા ગુજરાતી યાત્રાળુઓની સુવિધા માટે ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન દ્વારા ઉભા કરવામાં આવેલા ગુજરાત પેવેલીયનની મુખ્યમંત્રીશ્રીએ મુલાકાત લીધી હતી. પ્રગાયરાજ આવતા યાત્રીઓ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રશંસા કરી હતી.**

-----------------------------------------------------------------------------------

## પેક્સ કમ્પ્યુટરાઇઝેશન પ્રક્રિયા

**પ્રાથમિક ખેતી વિષયક ધિરાણ સહકારી મંડળીઓ પેક્સ કમ્પ્યુટરાઈઝેશન યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રાજ્યની 5 હજાર 754 પેક્સમાં કમ્પ્યુટરાઈઝેશનની પ્રક્રિયા ચાલી રહી છે, જે ટૂંક સમયમાં પૂર્ણ થશે. ઉપરાંત આગામી સમયમાં રાજ્યની તમામ પેક્સને સંપૂર્ણપણે કમ્પ્યુટરાઇઝ કરાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**

-----------------------------------------------------------------------------------

## લોક અદાલત

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા દર મહિનાના પહેલા અને ત્રીજા શનિવારે કાયમી વિશેષ લોક અદાલત યોજવામાં આવે છે જે અંતર્ગત આવતીકાલે વિશેષ લોક અદાલત યોજાશે. આ લોક અદાલતમાં લગ્ન સંબંધિત કેસો અને મહિલા તકરારના કેસો મુકવામાં આવશે. જિલ્લા કાનુની સેવા સત્તામંડળના મધ્યસ્થો દ્વારા બન્ને પક્ષકારોને સમજાવી સમાધાન કરાવાય છે જેનાથી બન્ને પક્ષોનુ લગ્ન જીવન તૂટવાની બચી જાય છે. વર્ષ 2024માં લગ્ન સંબંધિત 234 જેટલા કેસો આવ્યા હતા જેમાંથી 35 કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## ધણી માતંગ દેવ-ઉજવણી તૈયારી

કચ્છ સહિત ગાંધીધામમાં ધણી માતંગ દેવની 1272મી જન્મજયંતીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે ત્યારે આગામી 15 મી ફેબ્રુઆરીના ભવ્ય શોભાયાત્રા અને વિવિધ કાર્યક્રમો સાથે જન્મજ્યંતીની ઉજવણી કરાશે. ધણીમાતંગ દેવની જન્મજ્યંતીની ઉજવણીના ઉપલક્ષમાં કંડલા કોમ્પલેક્ષ મહેશ્વરી મેઘવાળ સમાજની સામાન્ય સભા મળી હતી જેમાં નવી કારોબારીની નીયુક્તી કરાઈ હતી.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ સ્થાપના દિવસ

કચ્છના પંચરંગી શહેર તરીકે જાણીતા ગાંધીધામનો 12 ફેબ્રુઆરી બુધવારના દિવસે સ્થાપના દિવસ છે. ગાંધીધામ મહાનગરપાલિકા તથા વિવિધ સંસ્થાઓ દ્વારા શહેરના સ્થાપના દિવસની રંગારંગ ઉજવણી કરવામાં આવશે. 12 ફેબ્રુઆરી 1948ના દિવસે ભાઇ પ્રતાપ, આચાર્ય કૃપલાણી, એસઆરસીના ડાયરેકટરો તથા સરકારના અધીકારીઓની હાજરીમાં આદિપુરમાં શિવમંદિર ને ગાંધીજીની અસ્થિઓની સમાધી બનાવ આદિપુર-ગાંધીધામનો પાયો નાખવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## હવામાન વિભાગ-હવામાન

આગામી **24** કલાકમાં રાજ્યના વિવિધ ભાગોમાં **45**થી **55** કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની હવામાન વિભાગે શક્યતાઓ વ્યક્ત કરી છે. ત્યારે માછીમારોને દરિયો ન ખેડવા હવામાન વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, દક્ષિણ ગુજરાતના ભાગો પર એક દબાણ સર્જાયું છે, જેને કારણે પવનની ગતિ વધી છે. નલિયામાં રાજ્યનું સૌથી ઓછું **7.6** ડિગ્રી લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયું છે જ્યારે ભુજનું **13.7** ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------------------

## બિનહથિયારી પોલીસ લેખિત પરીક્ષા

બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટરની શારીરિક કસોટી **31** જાન્યુઆરીના પૂર્ણ થયેલ છે. શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા અંદાજીત માર્ચ **2025**ના છેલ્લા સપ્તાહમાં અથવા એપ્રિલ માસમાં યોજાવાની સંભાવના છે.

---------------------------------------------------------------------------------

## મફત સંપૂર્ણ સારવાર

બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટરની શારીરિક કસોટી **31** જાન્યુઆરીના પૂર્ણ થયેલ છે. શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા અંદાજીત માર્ચ **2025**ના છેલ્લા સપ્તાહમાં અથવા એપ્રિલ માસમાં યોજાવાની સંભાવના છે.

---------------------------------------------------------------------------------

## વિજયરાજજી લાયબ્રેરી

ભુજની વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય તથા ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સંયુક્ત આગામી તારીખ **9** ફેબ્રુઆરી રવિવારે સાંજે **5** વાગ્યે પુસ્તકાલયના ભૂપતસિંહજી સભાખંડ ખાતે કચ્છના જાણીતા લોકસાહિત્ય કાર ઉપસ્થિત રહેશે.

---------------------------------------------------------------------------------